## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરૂજી બીજો કોઇ પ્રશ્ન નથી... ખાલી એ કહો કે.. આધારકાર્ડ અને પાન કાર્ડ કેવી રીતે લીંક કરવુ...!!

# ગાંધીનગરમાં વાહનચોરીનો તરખાટ મચાવનાર ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા. ૦૫

ગાંધીનગર શહેરના સેકરટર-૭ પોલીસ મથકના વાહનચોરીના ૪ અને અમદાવાદ રીવરફ્રન્ટ પાસેથી એક મળી કુલ પાંચ વાહનચોરીનો ભેદ ચિલોડા પોલીસે ઉકેલી દીધો છે. પોલીસે ત્રણ શખ્સોની અટકાયત કરી રૂ.૨ લાખની કિંમતના વાહનો કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિસ્તારમાંથી આંતરે દિવસે વાહન ચોરીના કિસ્સા પોલીસ ચોંપડે નોંધાય છે. ચિલોડા પીઆઈ એન્ડરસન અસારી વિવિધ ટીમો બનાવી ચોરી-લુંટ જેવા ગુનામાં આરોપીઓને પકડી પાડવા પેટ્રોલીંગ વધારી દેવાયું છે. ત્યારે બાતમીને પગલે શહેરના છાલા ગામમાં પાન મસાલાની ચોરી કરનાર ત્રણ આરોપીને ઝડપી પાડ્યા છે. જેમાં ધ્રુવ રતિલાલ મેહરીયા પાસેથી એકટીવા મળી આવ્યું હતું. જેની પુછપરછ



દરમિયાન ધ્રુવે કબુલાત કરી હતી કે છાલા ગામ રહેતા મોહમંદ ઓવેશ સલામુદિન કમુમીયા શેખર, સાહિલખાન અયુબખાન હબીબખાન પઠાણ, વાહીક મકબુલમીયા રસુલમયીયા કુરેશી પાસેથી ૩૩ હજારમાં એકટીવા ખરીદી કરી હતી. એકટીવાના ચેસીસ નંબરના આધારે પોલીસે તપાસ કરતા એકટીવા ચોરીનું હોવાનું સામે આવ્યું હતું. જે મુદ્દે શહેરના સેકટર-૭ પોલીસ મથકેમાં ગુનો પણ નોંધાયો છે. પોલીસે એકટીવા કબ્જે કરી ત્રણેય શખ્સોને પકડી પાડ્યા હતા. આરોપીઓની પુછપરછમાં શહેરમાં અયોજીત ખાનગી નવરાત્રી મહોત્સવ પાસેથી ત્રણ એટીવા ચોરી કર્યા હતા. જયારે સિવિલ હોસ્પિટલ ખાતેથી હોન્ડા બાઈક અને સાબરમતિ રીવર ફ્રન્ટના અટલ ફુટબ્રિજ પાસેથી બુલેટની ચોરી થઈ હતી.આ ચોરી કરેલા તમામ વાહનોની નંબર પ્લેટ દુર કરી દેવાઈ છે. પોલીસે એન્જીનના ચેસીસ નંબર આધારે તપાસ કરતા આ તમામ વાહનોની ચોરી અંગે ગુના નોંધાયેલા છે. જે વાહનો તેઓ વેચી મારતા હતા.

જેથી પોલીસે રૂ.૨ લાખની કિંમતના પાંચ વાહનો કબ્જે કરી આરોપીઓનીધર પકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેક્ટર.૩બીના બગીચામાં આજથી ત્રિદિવસીય યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૦૫

ગાંધીનગર ખાતેની પતંજલિ યોગ સમિતિ, પતંજલિ યુવા ભારત સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તારીખ તા.૬ઠ્ઠી એપ્રિલથી તા.૮મી એપ્રિલ ગુરુવારથી શનિવાર દરમ્યાન દરરોજ સવારે પાંચથી સાત વાગ્યા દરમ્યાન શહેરના સેક્ટર-૩બીના બગીચા ખાતે ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરના આયોજનની જવાબદારી પ્રકાશભાઈ વણઝારા દ્વારા ઉઠાવાઈ છે જ્યારે શિબિરનું સંચાલન યોગાચાર્ય ડો. કાનજીભાઈ બાવરી દ્વારા કરવામાં આવશે. આ યોગ શિબિરમાં ભાગ લઈને આ શિબિરનો મહત્તમ લાભ લેવા માટે શહેરના યોગાર્થીઓને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ખૂણેખાંચરેથી

● આજથી શરૂ થયેલી મતદારયાદી સુધારણા ઝુંબેશને લઈ જિલ્લા કલેક્ટર હિતેષ કોયાના અધ્યક્ષપદે રાજકીય પક્ષોની બેઠક યોજાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ઉંચકાયો હોવાથી બપોરે વાહન-વ્યવહાર ધીમો પડ્યો હતો.

● હાટકેશ જયંતિને લઈ વિસનગરા નાગરોએ યોજેલી હાટકેશ યાત્રા નગરના માર્ગો પર ફરી હતી. વિવિધ સ્થાનોએ યાત્રાનું સ્વાગત થયુ હતુ.

● ગાંધીનગરમાં પંચાયતની ક્લાર્ક સંવર્ગની યોજાનાર પરીક્ષાઓની તૈયારીઓ વેગીલી બની છે.

● સેંટ ઝેવિયર્સના પૂર્વ શિક્ષિકા દિનાબેન ભટ્ટનું આજે દુઃખદ અવસાન થતાં શિક્ષણજગતમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

● ભાઈજીપુરા ચારરસ્તા હોટલ કંજરી નજીકથી બાઈક ઉઠાંતરીની ઘટના નોંધાઈ છે.

● દહેગામ વૃધ્ધાશ્રમના વડીલો સંગીતના તાલે ઝુમ્યા હતા. દહેગામ કરાઓકે ક્લબ દ્વારા વૃધ્ધાશ્રમ ખાતે સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો.

● કલોલના નારદીપુર ગામે આજે હનુમાન જયંતિની ઉજવણી ધામધૂમથી કરવા માટેનું આયોજન કરાયુ છે.

● સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ચૈત્રની ઉજવણી સ્તુતિગાન, બેઠા ગરબા જેવા કાર્યક્રમો યોજીને કરવામાં આવી હતી.

● પેથાપુર-રાંધેજા માર્ગ પર સ્ટ્રીટલાઈટની સુવિધા આપવાની માંગ ઉઠવા પામી છે.

● ટીંટોડા ગ્રામ પંચાયત ખાતે પ્રાકૃતિક ખેતીની વિવિધ માહિતી ખેડૂતોને આપવામાં આવી હતી.

● કલોલમાં તસ્કર મેડિકલની દુકાનમાંથી ચોરી કરી ફરાર થયાની ઘટના નોંધાઈ છે.

● ડભોડા પોલીસે વજાપુરા ગામમાંથી જુગાર રમતા બે ઈસમોને ઝડપી લીધા છે.

● તેરસાપરા ચોકડી પાસેથી રહેણાંકના મકાનમાંથી દેશી દારૂનો જથ્થો પકડાયો છે.

● ગાંધીનગર મનપામાં એડવાન્સ મિલ્કતવેરાની વસુલાત આજે ૩૦ લાખથી વધુ થઈ છે.

● ગાંધીનગર મનપાના બીજા નાયબ મ્યુનિ. કમિશનર સી.એચ. ત્રિવેદીએ પણ બદલી થતાં આજે ચાર્જ છોડ્યો હતો.

● ગાંધીનગર ડેપોની બસો સાંજના સુમારે વધુ અનિયમિત હોવાની વાતો મુસાફરો કરી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ ગટરો ઉભરાવવાની સમસ્યાઓ સામે આવી રહી છે.

● વધતી જતી ગરમીને પગલે શહેરની વીજમાંગમાં વધારો થવા પામ્યો છે.

# વાવોલની હરિનગર સોસાયટીમાં અંડર ગ્રાઉન્ડ વોટર ટેન્ક પેવર બ્લોકની કામગીરીનું ખાતમુહૂર્ત





ગાંધીનગર, તા. ૦૫

ગાંધીનગરના વાવોલમાં અત્યારે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાયા છે

તેમજ વાવોલની સોસાયટીઓમાં પણ જનભાગીદારીથી નાગરિક સુવિધાલક્ષી કાર્યો થકી નાગરિક સુખાકારીના કામો પણ થઈ રહ્યાં છે. વાવોલની જુની અને જાણીતી હરિનગર સોસાયટી ખાતે આજે સવારે જનભાગીદારી અંતર્ગત રૂ.૭૮ લાખના ખર્ચે તૈયાર થનાર અંડર ગ્રાઉન્ડ વોટર ટેક્ અને પેવર બ્લોકની કામગીરીનું ખાતમુહૂર્ત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાના હસ્તે કરાયું હતું.

આ વેળાએ ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ ચેરમેન જશવંતભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, હરિનગર સોસાયટીના પ્રમુખ કચરાજી ગોલ સહિત કારોબારી સભ્યો અને અગ્રણીઓ તેમજ ભાજપના વોર્ડ નં.૭ના સ્થાનિક સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા.

આ અવસરે મેયરે જણાવ્યું હતું કે "આ વિકાસના કાર્યથી પાણીનો વ્યય અટકશે, આંતરિક રસ્તાઓ વધુ સ્વચ્છ બનશે તેમજ લોકોની સુખાકારીમાં વધારો થશે."

આ સાથે હરિનગર સોસાયટીના પ્રમુખ કચરાજી ગોલે સોસાયટી વતી મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન સહિત ઉપસ્થિત હોદ્દેદારોનો આભાર માન્યો હતો.

# કનેકશન શરુ ન થતા ગ્રાહકે જીટીપીએલના કર્મચારીને માર માર્યો

ગાંધીનગર,તા.૫

ગાંધીનગર શહેરમાં જીટીપીએલનું નવીન કનેકશન યોગ્ય સમયે ચાલુ નહી થતા ગ્રાહકના મગજનો પારો છટક્યો હતો. જેથી સેલ્સ એકસક્યુટીવને પાઠ ભણાવવા માટે ગ્રાહકે વાઈફાયનું કનેકશન લેવા માટે સરગાસણ બોલાવી મેથીપાક ચખાડ્યો હતો. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના નાગરીકે જીટીપીએલનું કનેકશન લીધુ હતું. પરંતુ નિયત સમયે જીટીપીએલનું કનેકશન કાર્યરત ન થતા ગ્રાહક અકળાઈ ઉઠ્યો હતો.જયારે કનેકશન અપાઈ ગયા પછી સેલ્સ એકઝીકયુટીવ ટેકનીકલ ફોલ્ટ આગળ ધરી જવાબદારીમાંથી છટકબારી શોધી લીધી હતી. જયારે ગ્રાહકને ફરીયાદ નિરાકરણ માટે કસ્ટમર કેરનો સંપર્ક કરવાનું કહ્યું હતું.જયારે નવિન કનેકશનનો કોલ આવે તો તેઓ તાત્કાલીક પહોંચી જાય છે. જો કે ગાંધીનગરમાં નવુ વાઈફાઈ કનેકશન આપવા મુદ્દે સેલ્સ એકઝીકયુટીવને ગ્રાહકે મથીપાક ચખાડ્યો હતો. વાત જાણે એવી હતી કે જીટીપીએલમાં સેલ્સ એકઝીકયુટીવ તરીકે ફરજ બજાવતા મૌલિક સથવારા ગઈકાલે બપોરે પેથાપુર માર્કેટીંગના કામે ગયા હતા.તે સમયે અઢી વાગે તેના ફોન ઉપર એક બહેને ફોન કરીને કહ્યું હતું કે મારે જીટીપીએલ વાઈફાઈનું નવુ કનેકશન લેવુ છે. જેથી મૌલિકે સરનામુ માંગતા તેણીએ મધુરમ ગ્રીન્સ સરગાસણ ખાતે આવવા માટે કહ્યું હતું. જયારે મૌલિક પેથાપુર થી સરગાસણ પહોંચી ગયો હતો. મૌલિકે આવેલા નંબર પર કોલ કરતા એડીસી બેંક પાસે બોલાવ્યો હતો. એડીસી બેંક આગળ મૌલિક પહોંચતા કોલ કરનાર બહેનની જગ્યાએ બે યુવકો મળ્યા હતા. જેમાં એક શખ્સે પોતાનુ નામ અભય આહીર જણાવીને પુછ્યું હતું કે તા.૧ એપ્રિલે નવુ કનેકશન લીધુ છે

જે હજુ સુધી કાર્યરત થયુ નથી. જેને પગલે મૌલિકે ટેકનીલક ઈશ્યુ હોવાનું કહી બે દિવસમાં કનેકશન ચાલુ થઈ જવાની વાત કરી હતી. આ વાક્ય સાંભળી બે યુવકોનો પારો છટકયો હતો તેઓ ગાળાગાળી કરી મૌલિકને લાતો તેમજ ફેંટો મારી એક આંગળી મચકોડી નાંખી હતી. હોહા થતા આસપાસના દુકાનદારો તેમજ સ્થાનીક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. બે યુવાનોએ જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી

# અન્યોના દુઃખને પોતાનું દુઃખ માનીને સાચા અર્થમાં માનવતાનું કાર્ય કરે છે : રાજ્યપાલ




ગાંધીનગર,તા.૦૫

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય શાખાને અંગદાન મેળવવા માટે વધુ સક્રિય થવા રાજ્યપાલ અને ગુજરાત રાજ્ય શાખાના પ્રમુખ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ અંગદાન માટે સમાજમાં વિશેષ જાગૃતિ આવે એ માટે પ્રયત્નશીલ છે. વર્તમાન સમયની આ માંગ છે વધુને વધુ લોકો અંગદાન માટે આગળ આવે એ જરૂરી છે.ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય શાખાની વાર્ષિક સાધારણ સભામાં પ્રમુખપદેથી બોલતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, તમામ રોગોનું મૂળ આપણો આહાર છે. ખાદ્યાન્ન, ફળ, શાકભાજીના ઉત્પાદનમાં રાસાયણિક ખાતર અને કીટનાશક દવાઓનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે, જે આપણા અન્નમાં ભળે છે. ખોરાકમાં આપણે ધીમું ઝેર લઈ રહ્યા છીએ. પરિણામે શરીર અનેક રોગોનું ઘર બને છે. રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડ્સમુક્ત ખેતી-પ્રાકૃતિક ખેતી-નેચરલ ફાર્મિંગ જ આ સમસ્યાનો એકમાત્ર ઉકેલ છે. લોકો પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી જ ઉત્પાદિત અનાજ-શાકભાજી ખાવાનો આગ્રહ રાખશે તો વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રોત્સાહિત થશે. ગુજરાતમાં અત્યારે ૪ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે આ વર્ષમાં ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય એવા પ્રયત્નો છે.દરેક જિલ્લાઓમાં અઠવાડિયામાં બે દિવસ પ્રાકૃતિક બજાર ભરાય; જ્યાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની જ ખેત પેદાશો વેચાય એવું આયોજન કરાઈ રહ્યું છે એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ પેદાશોના બજારથી ખરીદનારાઓને બજાર કરતાં ઓછી કિંમતે શુદ્ધ ખેત પેદાશો મળશે જેથી આરોગ્ય સુધરશે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સારું બજાર મળશે અને વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત થશે. આ માટે જનજાગૃતિ કેળવવા તેમણે રેડ ક્રોસના સ્વયંસેવકોને અનુરોધ કર્યો હતો.માનવસેવા અને લોક કલ્યાણ માટે સદાય સેવારત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અન્યોના દુઃખને પોતાનું દુઃખ માનીને સાચા અર્થમાં માનવતાનું કાર્ય કરે છે. આ માટે ગુજરાત રાજ્ય શાખાને અભિનંદન આપતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, કોઈ એવું ક્ષેત્ર નથી જ્યાં લોકોને સહાયની આવશ્યકતા ન હોય. એવામાં રેડ ક્રોસ અન્યોના દુઃખ-દર્દને પોતાના અનુભવીને સેવા કરે છે.

# શહેરના એસટી ડેપોમાંથી વધુ એક મુસાફરનો મોબાઈલ ચોરાયો

ગાંધીનગર, તા.૫

શહેરના એસ.ટી.ડેપોમાં સરખેજ જતી બસમાં બેસવા જતા મુસાફરનો રૂ.૪૦ હજારનો મોબાઈલ ચોરી થયો છે. મોબાઈલ ચોરી અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરનું એસટી ડેપો મોબાઈલ ચોરી માટે હોટ સ્પોટ બની ગયું છે. ચોર શખ્સો મુસાફરના ખીસ્સામાંથી મોંઘોદાટ મોબાઈલ ભીડનો લાભ લઈ સેરવી લે છે. મુસાફરોના મોબાઈલ રોજ ચોરી થતા હોવા છતા એસટી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં છે. જયારે એસટી ડેપોમાં પોલીસ ચોકીની વાત તો ભુલાઈ ગઈ હોય તેમ લાગે છે. મોબાઈલ ચોરીના વધતા કિસ્સાને ધ્યાને લઈ એક પોલીસ કર્મચારીને ફરજ પર મુકવામાં આવે તો પણ ચોરીના કિસ્સામાં ઘટાડો થાય તેમ છે. ત્યારે તાજેતરમાં દેવભુમી દ્વારકા જિલ્લાના ઓખા ખાતે રહેતા વનરાજસિંહ જાડેજા તેમના બહેનના ઘરે પેથાપુર આવ્યા હતા. બે દિવસ રોકાયા પછી તેઓ બહેન-ભાણી અને વનરાજસિંહ અને તેમના પત્ની સહિત એસટી ડેપો ખાતે ઓખા જવા માટે આવ્યા હતા.ત્યારે બપોરે સરખેજની બસમાં બેસવા જતા સમયે ભીડભાડ હોવાથી ધક્કામુકી થઈ હતી. બસમાં બેઠા પછી વનરાજસિંહે ખીસ્સામાં હાથ નાંખતા તેઓના મોઘાદાટ ફોનની ચોરી થઈ ગઈ હતી. તેઓએ બસમાં અને નીચે ઉતરીને આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી.પરંતુ મોબાઈલ મળી આવ્યો ન હતો જેથી વનરાજસિંહે સેકટર-૭ પોલીસ મથકે મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી.

# વજાપુરા ગામેથી જુગાર રમતા બે જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના વજાપુરા ગામે વિસતમા વાળા વાસની બાજુમાં આવેલા ખુલ્લા ખેતરમાં જુગાર રમતા બે જુગારીઓને રૂ.૩૦૪૦ મુદ્દામાલ કબ્જે કરી ડભોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે વજાપુરા ગામે આવતા ખાનગીરાહે બાતમી મળી હતી કે કેટલાક શખ્સો વિસતમા વાળા વાસની બાજુમાં ખુલ્લા ખેતરમાં જુગારીની બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડીને જુગાર રમી રહેલા વજાપુરા ગામના ૩૮ વર્ષિય મહેશજી ભુરાજી ઠાકોર અને ગામના ૩૭ વર્ષિય જવીનજી ઉર્ફે બકાભાઈ પોપટજી સોલંકીને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી કરતા રૂ.૨૩૦૦ મળી આવ્યા હતા. જયારે દાવ પરથી રૂ.૭૪૦ મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ.૩૦૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સાદરામાં પોસ્ટર મેકિંગ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને સુત્ર લેખન સ્પર્ધાનાં પુરસ્કાર વિતરણ

ગાંધીનગર,તા.૦૫

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાધાખાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા આજાદી અમૃત મહોત્સવ અંતર્ગત અને જી ૨૦ અંતર્ગત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની સંસ્થામાં વિધાર્થીયોમાં જી ૨૦ વિષયની માહિતી પ્રાપ્ત થાય તે હેતુથી ડૉ. બળદેવભાઈ મોરીનું વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. બળદેવભાઈ મોરી સાહેબે ખુબજ ઉડાન પૂર્વક જી ૨૦ વિષયની માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને તેના અંતરગત આવતા વિવિધ વિષયોની પણ માહિતી આપી હતી અને યુવાઓની જી ૨૦માં શું ભૂમિકા રહેશે તેનો ખ્યાલ પણ આપ્યું હતું સ્વાગત ભાષણ શ્રી ભરત ભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું અને સુતની આંટીથી સ્વાગત સંસ્થાના વિધાર્થી પ્રતિનિધિ શ્રી કૃણાલ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતુંઅને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતાની ભાવના વિકસિત થાય તેમજ રાષ્ટ્રનાં પ્રત્યે તેમણી જવાબદારીનું ભાન થાય તે હેતુથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યો હતો જેમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં અક્ષય પ્રજાપતિ અને વૈશાલી માડમ સયુંકત રીતે પ્રથમ, રાજા નાલ્લા દ્વિતીય અને ગૌરવ મેર અને સુનીલ જાંગીડ




સયુંકત રીતે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું, નિબંધ સ્પર્ધામાં આરતી ભગત પ્રથમ શ્રદ્ધા વાઢેળ દ્વિતીય અને મંજીત કુમાર સિંહ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું જયારે સુત્ર લેખન સ્પર્ધામાં વિશાલ મેતીયા પ્રથમ ગૌરવ બાલ્યાન દ્વિતીય અને સોનલ ખાંટ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું સ્પર્ધામાં લગભગ ૧૧૦ વિધાર્થીયો ભાઈ અને બહનો જોડાયા હતા વિજેતાઓને સંસ્થાનાં કાર્યકારી ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા અને બધાજ અધ્યાપકો શુભેચ્છા અને અભિનંદન આપ્યું હતું દરેક સ્પર્ધાન વિજેતાને ૧૧૦૦ રૂપિયા, દ્વિતીયને ૭૦૦ રૂપિયા અને તૃતીયને ૫૦૦ રૂપિયા રોકડા પુરુષ્કાર આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં સ્વયમ સેવક શ્રી પ્રતિક ભટ્ટ શ્રી ચિરાગ ઓડ, શ્રી ચંદ્રભાન મકવાણા, શ્રી સામળ સિંહ ડાભીની વિશેષ ભુમિકા રહી હતી આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાનાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું જયારે આભાર વિધિ ડૉ. અરવિંદ ભાઈ રામી દ્વારા કરવામાં આવી હતી

# ચિલોડા ખાતે શ્રી ચેહર માતાજીના મંદિરે ભવ્ય યજ્ઞ હવન ધાર્મિક મહોત્સવ ઉજવાયો





ગાંધીનગર,તા.૦૫

આસ્થા અને શ્રદધાના પ્રતિક સમાં ચેહરમાતાજી વડવારૂ મંદિરે દર રવિવારે અને મંગળવારે ભક્તોની ભારે ભીડ સાથે દર્શનાથે આવે છે ચિલોડા મોટા સ્થિત ચૈત્ર સુદ ૧૩ના મંગળવારે સવારથી સાંજ સુધી પૂજારી રાવલ વિષ્ણુપ્રસાદ સોમનાથ ના યજમાનપદે નવચંડી યજ્ઞ હવનનો ભવ્ય મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે યજ્ઞમાં ધાર્મિક મંત્રોચ્ચારવિધિ વિધાન સાથે શાસ્ત્રીજી મહારાજ દ્વારા ભવ્ય પૂજા અર્ચના કરી ચાર વાગે શ્રીફળ હોમવામાં આવ્યું હતું આ પ્રસંગે સમગ્ર પાટીદાર સહિત ગ્રામજનોને આમંત્રિત મહેમાનો સહિત સર્વે યજ્ઞના દર્શન અને મહાપ્રસાદનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી રાત્રે ફૂલના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું

# પૂજ્ય પ્રાગદાસબાપાની પુણ્યતિથી નિમિત્તે વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૫

ગોદડિયા પરિવાર દ્વારા હનુમાન જયંતિની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવશે. આ અવસરે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યુ છે. આ મહોત્સવ જુના માંકા (તા. હારીજ, જી. પાટણ) ખાતે ઉજવાશે.

સનાતન ધર્મમાં અને ગોદડીયા પરંપરામાં શ્રી હનુમાનજી મહારાજનુ અતિ મહત્વ છે. આથી દર વર્ષે છેલ્લા ૬૩ વર્ષથી હનુમાન જયંતિની આવતીકાલે તા. ૬ એપ્રિલના રોજ ગોદડિયા પરિવાર દ્વારા દર વર્ષની પરંપરા અનુસાર હનુમાન જયંતિની ઉલ્લાસભેર અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ સાથે જ પ.પૂ. પ્રાગદાસબાપાની ૨૫મી પુણ્યતિથિ, હનુમાન જયંતિ મહોત્સવ, મારૂતિનંદન યજ્ઞ તથા સ્વ. ભગવાનભાઈ પટેલની ચોથી પુણ્યતિથિનું આયોજન પણ કરવામાં આવ્યુ છે. રામ મઢી, જુના માંકા, તા. હારીજ, જિ. પાટણ ખાતે આ મહોત્સવ ઉજવાશે.